3/કી ૧૫૫/ત

કેન્દ્રીય જાહેર સેવા આયોગ દ્વારા લેવામાં આવતી અખિલ ભારતીય મુલ્કી સેવા અને સંલગ્ન પરીક્ષા માટેના તાલીમ વર્ગ માટે ગુજરાતના યુવાધનને પ્રશિક્ષણ/ તાલીમ આપવાની યોજના બાબત

ગુજરાત સરકાર

સામાન્ય વહીવટ વિભાગ

ઠરાવ ક્રમાંક: વતભ-૧૪૨૦૧૫/૧૩૬/વસુતાપ્ર-૩

સચિવાલય, ગાંધીનગર

તા. ૧૭/૧૦/૨૦૧૫

વંચાણમાં લીધા:

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા. ૦૭.૦૯.૯૨ નો ઠરાવ ક્રમાંક: વતભ-૧૦૯૧/ ૨૬૪૦/વસુતાપ્ર - ૩

(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા. ૦૯.૦૯.૦૯ નો ઠરાવ ક્રમાંક: વતભ: ૧૫૨૦૦૮/ ૧૪૮૫૯૨/ વસુતાપ્ર-૩

(૩) સામાન્ય વહીવટ વિભાગનો તા. ૨૨.૦૨.૧૨ નો ઠરાવ ક્રમાંક: વતભ: ૧૫૨૦૦૮/ ૧૪૮૫૯૨/ વસુતાપ્ર-૩

(૪) સામાન્ય વહીવટ વિભાગનો તા. ૧૮.૦૪.૧૩ નો ઠરાવ ક્રમાંક: વતભ:૧૩૨૦૧૩/ ૧૦૧૨/ વસુતાપ્ર-૩

(૫) સામાન્ય વહીવટ વિભાગનો તા. ૨૫.૦૬.૧૩ નો પત્ર ક્રમાંક: બજટ- ૧૩૨૦૧૩/ ૧૭૭/ વસુતાપ્ર-૩

આમુખ:-

કેન્દ્રીય જાહેર સેવા આયોગ દ્વારા લેવામાં આવતી અખિલ ભારતીય મુલ્કી સેવા અને સંલગ્ન પરીક્ષા માટેના ગુજરાતના પ્રતિભાશાળી યુવાધન ભાગ લઇને સ્પર્ધામાં આગળ આવી શકે તે માટે ઉચ્ચ કક્ષાની તાલીમ સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ દ્વારા આપવાની યોજના વંચાણમાં લીધા (૧) ના તા.૦૭.૦૯.૯૨ ના ઠરાવથી બહાર પાડવામાં આવી હતી અને આ યોજનામાં વંચાણમાં લીધા (૨) ના તા. ૦૯.૦૯.૦૯ ના ઠરાવથી સુધારા કરી નવેસરથી તાલીમ યોજના બહાર પાડેલ હતી.

૨. વંચાણમાં લીધા (૨) સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૯.૦૯.૦૯ ના ઠરાવના ફકરા (૯) મુજબ અનુ.જાતિ, અનુ. જનજાતિ અને સા. અને શૈ. પછાત વર્ગો તથા જે તાલીમાર્થીના વાલીની વાર્ષિક આવક રૂ. એક લાખથી ઓછી હોય તેવા તાલીમાર્થીને તબક્કાવાર રૂ.૬૦૦૦/- ની સ્ટડી ગ્રાંટ ચુકવવામાં આવે છે. આ ઉપરાંત સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગના તા. ૧૪.૧૦.૧૪ ના ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ- ૧૦૨૦૧૩/

૭૭૫૨૧૩/ગ મુજબ ગુજરાતના ડોમીસાઇલ હોય તેવા કોઇપણ અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ તથા સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના તાલીમાર્થી અને બિન અનામત વર્ગોની તાલીમાર્થી યુવતી યુપીએસસી સીવીલ સર્વિસ પરીક્ષાની પ્રીલીમ/ મેઇન્સ પરીક્ષા પાસ કરે તો સહાય ચુકવવાની જોગવાઇ કરવામાં આવેલ છે. આ ઉપરાંત માન. મુખ્યમંત્રીશ્રી કેળવણી નિધિ યોજના હેઠળ સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા, અમદાવાદ ખાતે પ્રશિક્ષણ મેળવનાર તાલીમાર્થી યુવતીને આર્થિક સહાય ચુકવવામાં આવે છે.

૩. સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા ખાતે ચાલતા આઇ.એ.એસ. સ્ટડી સેન્ટર ખાતે તાલીમ મેળવતા તાલીમાર્થીઓને રાજ્ય સરકારના જુદા જુદા વિભાગો દ્વારા અપાતી સહાયને સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થાના નેજા હેઠળ લાવવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

૪. ઉક્ત બાબતે કાળજી પુર્વક વિચારણા કરીને સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ અને તેના હસ્તકના તાલીમ કેંદ્રોમાં ચાલતા કેન્દ્રીય જાહેર સેવા આયોગ દ્વારા લેવામાં આવતી અખિલ ભારતીય મુલ્કી સેવા અને સંલગ્ન પરીક્ષા માટેના તાલીમ વર્ગમાં પ્રવેશ મેળવતા યુવક/ યુવતીઓ માટે જુદાજુદા વિભાગો તરફથી અમલમાં મુકવામાં આવેલ સહાયની યોજના સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થાના નેજા હેઠળ લાવીને હવે પછી સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ અને તેના હસ્તકના તાલીમ કેંદ્રોમાં ચાલતા કેન્દ્રીય જાહેર સેવા આયોગ દ્વારા લેવામાં આવતી અખિલ ભારતીય મુલ્કી સેવા અને સંલગ્ન પરીક્ષા માટેના તાલીમ વર્ગમાં પ્રવેશ મેળવતા તમામ યુવક/ યુવતીઓ માટે નીચે મુજબના સહાય/ પ્રોત્સાહનના ધોરણો નક્કી કરવામાં આવે છે.

(૪.૧) સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા ખાતે આ તાલીમ વર્ગમાં પ્રવેશ મેળવનાર પ્રત્યેક તાલીમાર્થીને વધુમાં વધુ સાત મહિના સુધી માસિક રૂા.૨૦૦૦/- (રૂપિયા બે હજાર) સ્ટાઇપેન્ડ તરીકે આપવાના રહેશે. (પ્રીલીમ પરીક્ષાનું પરિણામ જાહેર થાય ત્યા સુધી)

(૪.૨) પ્રીલીમ પરીક્ષામાં ઉત્તિર્ણ થનાર પ્રત્યેક તાલીમાર્થીને મુખ્ય પરીક્ષાની તૈયારી માટે માસિક રૂા.૩૦૦૦/- (રૂપિયા ત્રણ હજાર) સ્ટાઇપેન્ડ તરીકે આપવાના રહેશે. (વધુમાં વધુ ચાર મહિના માટે)

(૪.3) મુખ્ય પરીક્ષામાં ઉત્તિર્ણ થનાર પ્રત્યેક તાલીમાર્થીને ઇન્ટવ્યૂ સુધી માસિક રૂા.૬૦૦૦/- (રૂપિયા છ હજાર) (વધુમાં વધુ ચાર મહિના માટે) સ્ટાઇપેન્ડ આપવાના રહેશે.

(૪.૪) ફાઇનલ સિલેકશનમાં પસંદગી પામનાર તાલીમાર્થી યુવકને રૂા.૫૧૦૦૦/- (રૂપિયા એકાવન હજાર) અને તાલીમાર્થી યુવતીને રૂા.૬૧,૦૦૦ (રૂપિયા એકસઠ હજાર) પ્રોત્સાહનરૂપે ઇનામ આપવાનું રહેશે.

૫. આ યોજનાનો અમલ સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ તથા તેના હસ્તક્ના તાલીમ કેંદ્રોમાં વર્ષ ૨૦૧૫ માં પ્રવેશ મેળવનાર તાલીમાર્થીને આપવાનો રહેશે. વર્ષ ૨૦૧૪-૧૫ ના તાલીમ વર્ગ દ્વારા અખિલ ભારતીય મુલ્કી સેવા અને સંલગ્ન સેવામાં આખરી પસંદગી પામેલ કુલ ૨૦ ઉમેદવારો/ તાલીમાર્થીઓને પ્રોત્સાહન ઇનામ રૂપે ફકરા (૪.૪) માં નિર્દિષ્ટ ઇનામ આપવાનું રહેશે.

૬. આ ઠરાવ રવાના થયા બાદ કેન્દ્રીય જાહેર સેવા આયોગ દ્વારા લેવામાં આવતી અખિલ ભારતીય મુલ્કી સેવા અને સંલગ્ન પરીક્ષા માટેના રાજ્ય સરકારના અન્ય વિભાગોએ બહાર પાડેલ સહાયની યોજનાઓ બંધ કરવાની રહેશે, અને અન્ય શરતો વિભાગના તા.૦૯.૦૯.૨૦૦૯ ના ઠરાવ મુજબ યથાવત રહેશે.

૭. આ યોજના અંગે થનાર ખર્ચ માટે સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થાએ વર્ષ ૨૦૧૫-૧૬ ના અંદાજપત્રમાં સુધારેલ જોગવાઇ કરાવવાની રહેશે.

૮. આ અંગેનું ખર્ચ માંગણી ક્રમાંક - ૩૫, મુખ્ય સદર - ૨૦૭૦, અન્ય વહીવટી સેવાઓ- ૦૦૩, તાલીમ (૦૧), સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, (આયોજન બહાર/ મતપાત્ર) ૩૧૩૫ - અન્ય સહાયક અનુદાન, ગ્રાંટ ઇન એઇડ સદરે ઉધારવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(ભરત બી. પટેલ)
નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

-+ મહામહિમ રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર

- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી/ સચિવશ્રી, સચિવાલયના સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર
- ડાયરેક્ટર જનરલશ્રી, સરદાર પટેલ લોક પ્રશાશન સંસ્થા, ઇસરો સામે, સેટેલાઇટ, અમદાવાદ.
- સંયુક્ત નિયામકશ્રી/નાયબ નિયામકશ્રી, પ્રાદેશિક તાલીમ કેંદ્ર, સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા - અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ગાંધીનગર, મહેસાણા
- નોડલ અધિકારીશ્રી અને નાયબ નિયામકશ્રી (હિસાબ), સરદાર પટેલ લોક પ્રશાશન સંસ્થા, ઇસરો સામે, સેટેલાઇટ, અમદાવાદ.

-+ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ

-+ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ. અમદાવાદ

-+ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર

-+ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર

-+ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગર

-+ સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર

એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ

નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર/ અમદાવાદ

પગાર અને હિસાબી અધિકારીશ્રી અમદાવાદ/ ગાંધીનગર

સિલેક્ટ ફાઇલ

---

\+ પત્ર દ્વારા